# સ્ત્રી વિદ્યા સહાયકોને પૂરા પગારમાં સમાવિષ્ટ કરવા ૬૦ દિવસ પ્રસુતિની રજાઓ ગણતરીમાં લેવા અંગે

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ક્રમાંક : પ્રાશિનિ/ક/૦૫/૧૦૨૪૦–૨૮૮, ડૉ. જી.મ. ભવન,
બ્લોક નં. ૧૨/૧, ગાંધીનગર, તા.૧–૮–૨૦૦૫.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ગાંધીનગર

**વિષય : સ્ત્રી વિદ્યાસહાયકોને પુરા પગારમાં સમાવિષ્ટ કરવા ૬૦ દિવસ પ્રસુતિ ની રજાઓ ગણતરીમાં લેવા બાબત.**

**સંદર્ભ** : આ કચેરીનો પત્ર નં. ૨૯–પનસ–૧–વિદ્યા સહાયક–૨૦૦૦–૭–૨૩૨૬૧–૩૧૬. તા.૨૨–૧૨–૨૦૦૦.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના તા.૧૫–૭–૦૫ ના પત્રની નકલ આ સાથે રાખી મોકલી આપતાં જણાવવાનું કે શિક્ષણ વિભાગના તા.૨૨–૧૦–૦૩ ના ઠરાવથી સ્ત્રી વિદ્યા સહાયકોને પ્રસુતિની રજાઓની લાભ રાજય સરકારના સ્ત્રી કર્મચારીઓના સમાન ધોરણે આપવામાં આવ્યા છે તે અગાઉ સ્ત્રી વિદ્યા સહાયકોને સંદર્ભ હેઠળના પત્રની સૂચના મુજબ પ્રસુતિના હેતુ સબબ બે માસ ની બિનપગારી રજા મંજૂર કરવાની રહેતી હતી. વધુમાં આવી બિનપગારી રજાઓ મંજૂર કરવાના લીધે સ્ત્રી વિદ્યા સહાયકની નોકરીમાં બ્રેક ગણવાનો રહેતો ન હોવાથી પાંચ વર્ષની નોકરીને અંતે સ્ત્રી વિદ્યા સહાયકોને નિયમિત કરતી વખતે આવી પ્રસુતિની કપાત પગારી રજાઓનો (૬૦ દિવસ) સમયગાળો બાદ કરવાનો રહેતો નથી. આમ છતાં રાજય

સંઘની રજુઆત મુજબ જો જિલ્લામાં પ્રસુતિ ઉપર મુજબ ૬૦ દિવસની બિનપગારી રજાઓ બાદ કરીને પાંચ વર્ષનો સમયગાળો ગણવામાં આવતો હોય તો આ કાર્યવાહી સરકારી સૂચના વિરુધ્ધની છે. સબબ સંદર્ભિત પત્રની સૂચના મુજબ અગાઉ મંજૂર કરવામાં આવેલી આવી કપાત પગારી રજાઓ (૬૦ દિવસ) બાદ કર્યા સિવાય પાંચ વર્ષનો સમયગાળો નકકી કરી સ્ત્રી વિદ્યાસહાયકોને નિયમિત કરવાની કાર્યવહી કરવા આથી આપને જણાવવામાં આવે છે. વધુમાં આવી રજાઓ બાદ કરીને અગાઉ નિયમિત કરવામાં આવેલા કિસ્સાઓ પણ ઉપર પ્રમાણે પુનઃ વિનિયમિત કરવા જણાવવામાં આવે છે.

**સહી, આર.સી. રાવલ**

પ્રાથમિક શિક્ષણ નિયામક, ગાંધીનગર.